## પ્રત્યેક આગમ આદિ શાસ્ત્રોને સૌ પ્રથમ પુસ્તકારૂઢ બનાવનારા જૈનાગમનિધિસંરક્ષક

# આચાર્યશ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ (શ્રી દેવવાચક)

( આચાર્યશ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણનું નામ જૈન ઇતિહાસનાં સુવર્ણ પૃષ્ઠો પર રેખાંકિત અને અમર છે. તેમણે વલભીમાં પાંચમી આગમવાચના દ્વારા દરેક પ્રાપ્ત આગમોને સૌ પ્રથમ પુસ્તકારૂઢ બનાવી આગમોને ચિરંજીવ બનાવવાનું ભગીરથ અને સ્તુત્ય કાર્ય કર્યું હતું. નંદીસૂત્ર સ્થવિરાવલીમાં શ્રી દેવર્દ્ધિગણિએ શ્રી લોહિત્યાચાર્યની સુંદર શબ્દોમાં પ્રશસ્તિ કરી છે. તેથી અને અન્ય એક કથાથી તેઓ શ્રી લોહિત્યાચાર્યના શિષ્ય હોવાની પ્રતીતિ થાય છે. ચૂર્ણિકાર શ્રી જિનદાસ મહત્તરે તેમને શ્રી દુષ્યગણિના શિષ્ય માન્યા છે. શ્રી દુષ્યગણિ અને શ્રી દેવર્દ્ધિગણિ – બંનેના 'ગણિ' પદાંત નામ ગુરુ–શિષ્ય હોવાની સંભાવના પ્રગટ કરે છે. )

શ્રી દેવર્દ્ધિગણિના ગૃહસ્થજીવનની પ્રામાણિત માહિતી ખાસ મળતી નથી. પણ એક કથાના આધારે તેઓ પૂર્વભવમાં હરિણગમેષી નામે દેવ હતા, જેમણે મહાવીર ભગવાનના ગર્ભને દેવાનંદાના ઉદરમાંથી લઈ ત્રિશલા રાણીના ઉદરમાં મૂક્યો હતો. આ હરિણગમેષી દેવે પોતાના આયુષ્યના અંતિમ સમયમાં સૌધર્મેન્દ્ર દેવને નવા આવનાર હરિણગમેષી દ્વારા પોતાના નવા ભવમાં પ્રતિબોધ પમાડવાની વિનંતિ કરી હતી અને આ દેવે તેમને પ્રતિબોધ પમાડી જૈનદીક્ષા લેવા ઉત્સુક પણ કર્યા હતા.

શ્રી દેવર્દ્ધિગણિનો જન્મ સૌરાષ્ટ્ર (પ્રાયઃ વેરાવળ કે પ્રભાસપાટણ)માં થયો હતો. ત્યાંના રાજા અરિદમનના રાજસેવક કાશ્યપગોત્રીય કામર્દ્ધિ ક્ષત્રિયના તેઓ પુત્ર હતા. તેમની માતાનું નામ કલાવતી હતું. માતાએ સ્વપ્નમાં ઋદ્ધિસંપન્ન દેવને જોયો હતો, તેથી પુત્રનું નામ દેવર્દ્ધિ રાખવામાં આવ્યું હતું.

દેવર્દ્ધિએ ઉપરોક્ત વિગતે પ્રતિબોધ પામી આચાર્ય લોહિત્યસૂરિ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દેવર્દ્ધિમુનિએ ગુરુ પાસે આગમોનો અભ્યાસ કરી ગણિપદ પ્રાપ્ત કર્યું હતું. પછી ઉપકેશગચ્છીય આચાર્ય દેવગુપ્તસૂરિ પાસે રહી એક પૂર્વ અર્થ સહિત અને બીજું પૂર્વ મૂળ ભણી ક્ષમાશ્રમણપદ પ્રાપ્ત કર્યું હતું.

( **આગમકાર્ય :** આચાર્ય સ્કંદિલસૂરિએ મથુરામાં ચોથી આગમવાચના કરીને જે આગમો લખ્યાં હતાં તેનો વારસો આચાર્ય દેવર્દ્ધિગણિ પાસે હતો અને આચાર્ય નાગાર્જુનસૂરિએ વલભીમાં જે વાચના કરીને આગમો લખ્યાં હતાં તેનો વારસો આચાર્ય ભૂતદિન્નસૂરિ અને આચાર્ય કાલકસૂરિ (ચોથા) પાસે હતો. આ બંને પાઠોને તપાસી એક ચોક્કસ પાઠ તૈયાર કરવાનું આવશ્યક હતું. આથી એ બંને પાઠોના વારસદાર આચાર્યોએ વીર સં. ૯૮૦માં વલભીમાં મોટું શ્રમણ સંમેલન મેળવ્યું અને એક ચોક્કસ પાઠ તૈયાર કર્યો. આ પાંચમી આગમવાચનાના વાચનાચાર્ય શ્રી દેવર્દ્ધિગણિ હતા. તેઓ પોતાની ગણધરપરંપરાના ગણનાયક પણ હતા. પૂર્વે જે જે આગમ-

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વાચનાઓ થઈ તે મુખપાઠ રૂપે થઈ હતી. ચોથી વાચના લિપિબદ્ધ થયાનો ઉલ્લેખ મળે છે. પરંતુ શ્રી દેવર્દ્ધિગણિના નેતૃત્વમાં આ પાંચમી આગમવાચના સમયે જે સમગ્ર આગમોનું વ્યવસ્થિત સંકલન અને લિપીકરણ થયું તે અપૂર્વ હતું. આ આગમવાચનામાં ૮૪ આગમ, નિર્યુક્તિ, ભાષ્ય, કમ્મપયડિ અને તત્ત્વાર્થસૂત્ર વગેરે શાસ્ત્રો મળીને કરોડો શ્લોકપ્રમાણ સાહિત્ય પુસ્તકારૂઢ થયું હતું. આજે આપણને જે આગમો મળે છે તે તેમની એ આગમવાચનાનું જ સ્તુત્ય પરિણામ છે.

આગમવાચનાના આ અવસરે નંદીસૂત્રનું નિર્યૂહણ પણ આચાર્ય દેવર્દ્ધિગણિએ કર્યું હતું. આ કૃતિમાં જ્ઞાનની વ્યવસ્થિત રૂપરેખા સાથે આગમસૂત્રોની સૂચિ તથા અનેક મહત્ત્વપૂર્ણ ગ્રંથોનો ઉલ્લેખ પણ થયો છે. પાટપરંપરા–પ્રવર્તક શ્રી સુધર્માસ્વામીથી લઈને શ્રી દુષ્યગણિ સુધીના વાચનાચાર્યોની યોગ્ય પરંપરા પણ તેઓએ જણાવી છે, જે આ પ્રમાણે છે—૧. આર્ય સુધર્મા, ૨. આર્ય જંબૂ, ૩. આર્ય પ્રભવ, ૪. આર્ય શય્યંભવ, ૫. આર્ય યશોભદ્ર, ૬. આર્ય સંભૂતિવિજય, ૭. આર્ય ભદ્રબાહુ, ૮. આર્ય સ્થૂલિભદ્ર, ૯. આર્ય મહાગિરિ, ૧૦. આર્ય સુહસ્તિ, ૧૧. આર્ય બલિસ્સહ, ૧૨. આર્ય સ્વાતિ, ૧૩. આર્ય શ્યામ, ૧૪. આર્ય પાંડિલ્ય, ૧૫. આર્ય સમુદ્ર, ૧૬. આર્ય મંગૂ, ૧૭. આર્ય નંદિલ, ૧૮. આર્ય નાગહસ્તિ, ૧૯. આર્ય રેવતીનક્ષત્ર, ૨૦. આર્ય સિંહસૂરિ, ૨૧. આર્ય સ્કંદિલ, ૨૨. આર્ય હિમવંત, ૨૩. આર્ય નાગાર્જુન, ૨૪. આર્ય ભૂતદિન્ન, ૨૫. આર્ય લોહિત્ય, ૨૬. આર્ય દુષ્યગણિ, ૨૭. આર્ય દેવર્દ્ધિગણિ.

ચૂર્ણિકાર શ્રી જિનદાસ મહત્તર, ટીકાકાર આચાર્યશ્રી હરિભદ્રસૂરિ અને આચાર્ય મલયગિરિએ આર્ય ધર્મ, આર્ય ભદ્રગુપ્ત, આર્ય વજ્રસ્વામી, આર્ય રક્ષિત, આર્ય ગોવિંદ—એ પાંચ આચાર્યોના નામગત પદોને પ્રક્ષિપ્ત માની તેની ગણના વાચક-પરંપરામાં કરી નથી. ચૂર્ણિકાર અને ટીકાકારે નંદીસૂત્રની રચનાનું શ્રેય આચાર્ય દેવવાચક (દેવર્દ્ધિગણિ)ને આપેલ છે.

શ્રી જૈનશાસન આચાર્ય દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણનું યુગો સુધી આભારી રહેશે. આગમલેખનનાં કાર્યથી તેમણે વીતરાગવાણીને દીર્ઘકાલીનતા આપી છે અને આગમનિધિનું સમુચિત સંરક્ષણ કર્યું છે. શ્રી દેવર્દ્ધિગણિના સમયમાં આગમવાચનાનું કાર્ય વીરનિર્વાણ સં. ૯૮૦ (વિ. સં. ૫૧૦)માં થયું એમ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તેમના સ્વર્ગવાસનો ઉલ્લેખ મળતો નથી, પણ શ્રી દેવર્દ્ધિગણિ અંતિમ પૂર્વધર હતા અને પૂર્વજ્ઞાનનો વિચ્છેદ વીરનિર્વાણ સં. ૧૦૦૦માં થયાનો ઉલ્લેખ આગમોમાં છે. એ આધારે પૂર્વધર દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના સ્વર્ગવાસ થવાની સાથે પૂર્વજ્ઞાનનો લોપ થયો હતો.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org